# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

રોફની ધાકે, ફરિયાદીનો જીવ રૂંધાય છે કયાં!
ગૂમ બાળકો અને ખૂન-ખટલા શોધાય છે કયાં!
ગોંધાય છે નિર્દોષ ને પહોંચેલા ફરે છે મુક્ત -
નાની મોટી ચોરી ને ચેન સ્નેચીંગ નોંધાય છે કયાં?
(ડીટેક્સન નું ડીંડવાણું)

**હાઇકુ**

'રાષ્ટ્ર-પ્રમુખ'
ઉપકારનું પણ -
એન્કાઉંટર!

સ્વપ્નો ગાજ્યાં ને -
બેસી ગયું પાણીમાં -
શેર બજાર..

## ચિંતન

**માતા નિન્દતિ નાભિ નન્દતિ પિતા-ભ્રાતા ન સંભાષતે ભત્યઃ કુપ્યતિ નાનુ ગચ્છતિ સુતઃ કાન્તા ચ ના લિંગતે ।**
**અર્થ પ્રાર્થના શંકયા ન કુરૂતે સંભાષણં વૈ સુહૃત્ત સ્માદ્દ દ્રવ્યમુપાર્જય સ્વ સુભતે દ્રવ્યેણ સર્વેવશાઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણમાં ધનનું મહત્ત્વ દર્શાવતો આ શ્લોક છે :

'માતા નિંદા કરે છે, પિતા પ્રશંસા-વખાણ કરતા નથી, ભાઇ ઉપરછલ્લું બોલે છે કે બોલતો નથી, નોકરને કંઇ કામ બતાવો તો એ છણકો કરી અપમાન કરે છે કે ગુસ્સો બતાવે છે, પુત્ર, આજ્ઞાનું પાલન કરતો નથી; કે સૂચનાનું અનુસરણ કરતો નથી-સ્ત્રી આલિંગન આપતી નથી. અને મિત્ર પણ દૂર રહેવા પ્રયત્ન કરે છે અને એમ વિચારે છે કે - 'એ ધનની માગણી કરશે તો?' માટે હે બુદ્ધિમાન, આ બધાનો વિચાર કરીને ધન પ્રાપ્તિનો વિચાર કર કારણ કે બધાં લોકો સ્નેહી-સ્વજન ધનને જ વશ છે.'

માતા-પિતા, ભાઇ-સ્નેહી મિત્રો તથા પત્ની સૌ સ્વાર્થના સંબંધે બંધાયેલા છે ધન-સંપત્તિ હોય તો પ્રેમ-લાગણી-વાત્સલ્ય આપોઆપ પ્રગટ થાય છે - માટે બુદ્ધિમાને પોતાની આર્થિક સદ્ધરતા મજબૂત જ રાખવી જોઇએ.

## સુવિચાર

- લોકો જ્ઞાન અને પ્રતિભાના અભાવને લીધે નથી હારતાં, પણ એટલા માટે હારે છે કેમ કે જીતવા પહેલા જ તેઓ મેદાન છોડી દે છે **- ઝેન કથન**
- દુનિયા તમને ત્યાં સુધી નહીં હરાવી શકે જયાં સુધી તમે પોતાનાથી ના હારી જાઓ **- એસ. ભટ્ટાચાર્ય**
- ચંદ્રગુપ્ત : 'કિસ્મત પહેલેથી લખાઇ હોય તો કોશિશ કરવાથી શું મળશે?', ચાણક્ય : 'શું ખબર કિસ્મતમાં લખ્યું હોય કે કોશિશ કરવાથી જ મળશે.' **- જનકલ્યાણ**
- જીંદગી કયારે પણ કોઇની રાહ જોતી નથી, બસ જીવવાનું કારણ બદલાઇ જાય છે- **ધર્મસૂત્ર**
- જો કોઇ ઉદાસ ચહેરા પર હાસ્ય આવે અને એનું કારણ જો તમે હોવ તો સમજજો દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ તમે છો **- સંતરામ**
- ખુબસુરતી અને સુંદરતાનો ફર્ક એટલો જ છે ખૂબસૂરતી બધાને દેખાઇ આવે છે, જયારે સુંદરતા એ છે જે કોઇકને જ દેખાઇ છે **- રજનીશ**
- આંસુ ના હોત તો આંખો આટલી સુંદર ના હોત, દર્દના હોત તો ખુશીઓની કિંમત ના હોત, પુરી જો કરતો હોત ભગવાન બધાની મૂરાદો તો ઇબાદતની કયારેય જરૂરત જ ના હોત **- ડો. મહેબૂબ દેસાઇ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ યુવાનોને તો સમયની કંઇ જ કિંમત નથી રહી. વિડિયો ગેમમાં, ટેલિફોનમાં, લેપટોપ, ફેસબુક કે ગલ્લા પર કલાકોના કલાકો પસાર કરે આમ છતાં કોઇ વાલી બોલાવો તો 'બે મિનિટ' કહી બીજા બે કલાક કાઢી નાખે!

સર વિશ્વેસરૈયા મોટા વિચક્ષણ અને નિષ્ણાત ઇજનેર હતા. તેઓ કયારે ય નવરા બેસી ન રહેતા. એમને એક-એક મિનિટની ગણતરી અને ઉપયોગીતા હતી - જાતે પણ સમય સાચવવામાં ખૂબ જ ચીવટ રાખતા હતા.

એકવાર એક અધિકારીએ એમને મળવાનો સમય લીધો. સવારે બરાબર દસ વાગે મળવાનું નક્કી થયું. અધિકારી, સર વિશ્વેસરૈયાની સમયની ચિવટ બાબત જાણકાર હતા.

સર વિશ્વેસરૈયા દફ્તરમાં નકશા પર કંઇ નોંધ કરતા હતા. બધું જ ધ્યાન નકશા પર હતું. ત્યાં પેલા અધિકારી દસમાં પાંચ ઓછી હતી ને વિશ્વેસરૈયા સામે આવી ઊભા રહ્યા. મનમાં સમય સાચવવાનો એને આનંદ હતો. પણ એમને જોઇ વિશ્વસરૈયાથી નાક હોઠ પર દબાયું. ચહેરો પણ નારાજગી વ્યક્ત કરતો હતો. પેલા એ પૂછી લીધું. કેમ, સર હું સમયસર નથી? વિશ્વેસરૈયા કહે, તમે વહેલા આવીને મારી પાંચ મિનિટ બગાડી..!!

Email - sureshchandrabhatt18@gmail.com

# આઇએનએસ-વિક્રમાદિત્ય વિમાન વાહક જહાજનું વજન કેટલા ટન છે?

**ખજાનો**

**- ડૉ. અનિલ પટેલ**

## સાંપ્રદ ઘટનાઓ

(૧) પૃથ્વી જેવો બીજો ગ્રહ શોધવામાં ખગોળશાસ્ત્રીઓને સફળતા મળી છે, તે ગ્રહનું નામ શું આપવામાં આવ્યું છે?
(અ) બીઝેડપી-૩૪૦ (બ) કેઓઆઇ-૩૧૪
(ક) આઇબીઓ-૨૯૦ (ડ) એઓઇ-૨૧૪

(૨) આઇએનએસ-વિક્રમાદિત્ય વિમાન વાહક જહાજનું વજન કેટલા ટન છે?
(અ) ૩૭, ૫૦૦ ટન (બ) ૪૪,૫૦૦ ટન
(ક) ૨૨,૮૦૦ ટન (ડ) ૧૦,૮૦૦ ટન

(૩) ૫૦ હજાર ટનનું દુનિયાનું સૌથી મોટું મેગ્નેટ ભારતમાં કયાં બની રહ્યું છે?
(અ) ઈસરો, અમદાવાદ (બ) પી.આર.એલ, ગુજરાત
(ક) ઈસરો, બેંગ્લોર (ડ) ભાભા એટમીક રીચર્સ સેન્ટર

(૪) દરિયામાંથી પ્લાસ્ટિકનો કચરો સાફ કરતું મશીન કયા દેશનાં વિદ્યાર્થી 'બોયન સ્લેટ' શોધ્યુ છે?
(અ) પોલેન્ડ (બ) હોલેન્ડ
(ક) ઈટલી (ડ) બ્રાઝિલ

(૫) નીચેનામાંથી કઇ મિસાઇલ સુપર સોનિક -ક્રૂઝ પ્રકારની મિસાઇલ છે?
(અ) આકાશ (બ) બ્રહ્મોસ
(ક) પૃથ્વી (ડ) તેજસ

(૬) અત્યાર સુધીમાં શોધાયેલા ધૂમકેતુમાં સૌથી વધુ પ્રકાશિત કયો છે?
(અ) હેલી (બ) કોમેટ આઇસોન
(ક) કેઓઆઇ-૩૧૪ (ડ) વિન્સેટ પીઝેટ

(૭) તાજેતરમાં ચીન દ્વારા મોકલવામાં આવેલ યાનનું નામ શું છે?
(અ) મુન મિશન (બ) પોલીન મિશન
(ક) જેડ રેબિટ (ડ) મુન રોવર

(૮) મિસ વર્લ્ડ-૨૦૧૩નો મલ્ટી-મીડિયા એવોર્ડ કોણે જીત્યો?
(અ) ગેબ્રીયેલા ઈસલર (બ) ઓલિવિયા કલ્પો
(ક) નવનીત કૌર ધિલ્લોન (ડ) યુરેના રોડ્રિઝ

(૯) ૧૪મું ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન કયાં યોજાઇ ગયું?
(અ) ઈરાન (બ) ભારત
(ક) સિરીયા (ડ) મોસ્કો

(૧૦) નવેમ્બર-૨૦૧૩ના રોજ રસોઈમાં લોકપ્રિય બનેલી કઇ સ્ત્રીનું અવસાન થયું?
(અ) વિમલા શાહ (બ) તરલા દલાલ
(ક) પ્રિયંકા દેસાઇ (ડ) રૂપા મહેતા

(૧૧) આઇ.એસ.એચ.એફ. વર્લ્ડ શૂટીંગ સ્પર્ધામાં ભારતન પ્રથમ ગોલ્ડ મેડલ આપનાર સ્ત્રી કઇ હતી?
(અ) રાહી (બ) આરૂષિ
(ક) પ્રાર્થના (ડ) વંદના

(૧૨) ઓલિમ્પિક કમિટીએ કયા દેશ પર સંપૂર્ણ નિયંત્રણ લાદી દીધું હતું?
(અ) ચીન (બ) ભારત
(ક) કોરિયા (ડ) જાપાન

(૧૩) દુનિયામાં સૌથી ઝડપી કમ્પ્યુટર કયા દેશે બનાવ્યું છે?
(અ) જાપાન (બ) અમેરિકા
(ક) ભારત (ડ) ચીન

(૧૪) અમેરિકાની ફેડરલ રિઝર્વના અધ્યક્ષ પદે ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ કઇ મહિલાને થપથ લીધા?
(અ) પીઝાટે કોબ્રાન (બ) બેન બર્લાક
(ક) જેનેટ પેલેન (ડ) સેલિના વિલિયમ

(૧૫) ગુજરાત સરકાર દ્વારા સર (સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજિયન) કયાં મૂકવાની જાહેરાત કરી છે?
(અ) સાબરકાંઠા (બ) સાણંદ
(ક) બેચરાજી (ડ) વેરાવળ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૧૧ જુલા.૧૯૨૭ થિયોડોર માઇમાન-અમેરિકન ભૌતિકશાસ્ત્રી, સૌ પ્રથમ વર્કીંગ લેસર બનાવનાર
- ૧૧ જુલા. ૧૯૨૪ સેઝર લેટસ- બ્રાઝીલના ભૌતિક વૈજ્ઞાનિક
- ૧૧ જુલા. ૧૯૧૬ એલેસ્કેન્ડર મિખાઇલવોચ પ્રોખોરોવ- સોવિયેટ ભૌતિકશાસ્ત્રી, ૧૯૬૪માં નોબેલ પારિતોષિક વિજેતા.
- ૧૨ જુલા. ૧૯૨૮ અમેરિકન આર્ગોનીક કેમેસ્ટ્રીના વૈજ્ઞાનિક ૧૯૯૦માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૧૨ જુલા. ૧૯૨૨ મિચેલ વેન્ટ્રીસ - ઇંગ્લીશ આર્કીટેક અને ક્રાયટોગ્રાફર
- ૧૨ જુલા. ૧૯૧૩ વિલીસ લેમ્બ - અમેરીકન ભૌતિક શાસ્ત્રી, ૧૯૫૫માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૧૩ જુલા. ૧૯૪૪ એર્નોક રૂબીક - હંગેરીયન મેથેમેટીશીયન ૧૯૮૦માં 'રેબીક ક્યુબ'ના શોધક
- ૧૩ જુલા. ૧૯૨૪ ડોલાન્ડ ઇ. ઓસ્ટરબર્ક - અમેરિકન ખગોળ શાસ્ત્રી
- ૧૩ જુલા. ૧૮૭૯ યુગન ફ્રેયસીનેટ - ફ્રેન્ચ સિવિલ એન્જીનીયર.
- ૧૪ જુલા. ૧૯૬૯ જોશ હેરન્ડ્રેઝ - રેબોલર - મેક્સીકન ઇલેક્ટ્રીકલ એન્જીનીયર
- ૧૪ જુલા. ૧૯૨૧ સર જયોફ્રી વિલીકીન્સન ઇંગ્લીશ કેમીસ્ટ, ૧૯૭૩માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૧૪ જુલા. ૧૯૧૮ જય. જબલ્યુ, ફોરેસ્ટર - અમેરિકન ઇલેકટ્રીકલ એન્જીનીયર
- ૧૫ જુલા. ૧૯૪૩ જોસલી બેલ બર્નેલ - બ્રિટીશ ખગોળશાસ્ત્રી
- ૧૫ જુલા. ૧૯૩૦ સ્ટેફન સ્મેલ - અમેરીકન ગણીત શાસ્ત્રી, ૧૯૬૬માં ફિલ્ડ મેડલ વિજેતા
- ૧૫ જુલા. ૧૯૨૮ કાર્લ. આર. વોઝ - અમેરિકન બાયોલોજીસ્ટ
- ૧૬ જુલા. ૧૯૫૧ ડેન બ્રિકલીન - અમેરિકન કમ્પ્યુટર વૈજ્ઞાનિક
- ૧૬ જુલા. ૧૯૨૬ ઇરવીન રોઝ - અમેરિકન બાયોકેમીસ્ટ, ૨૦૦૪માં નોબેલ પ્રાઇઝ વિજેતા
- ૧૬ જુલા. ૧૯૧૦ ડેવિડ લેમ્બર્ટ લેક - બ્રિટીશ ઓર્નીયોલોજીસ્ટ અને લેખક
- ૧૭ જુલા. ૧૯૨૦ નિલ્સ બોહલીન - સ્વીડીશ એન્જીનીયર
- ૧૭ જુલા. ૧૯૨૦ ગોર્ડોન ગોઉલ્ડ - અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક
- ૧૭ જુલા.૧૯૨૦ મોન્સીગ્નોર જયોર્જ લેમેઇટ - બલ્જેરીયન એસ્ટ્રોનોમ અને કોસ્મોલોજીસ્ટ

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - દિલ્હીના હાલના લેફ્ટનન્ટ ગર્વનર કોણ છે?**

**જવાબ - શ્રી નજીબ ઝંગ**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૩) નટુભાઇ દરજી : પેથાપુર
(૪) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭

### આ સપ્તાહનો સવાલ

**હાલમાં ગુજરાતના રાજયપાલ તરીકેનો હવાલો કોણ સંભાળે છે?**

**આપના સાચાં જવાબ સાત દિવસમાં મોકલવામાં માટેનું સ્થળ**
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

[illegible]

# જગતમાં જૂઠા નકલી દંભી ઉપરછલ્લા સ્વાર્થના સંબંધો છે તું જેને તારા પોતાના માને છે એ તારા નથી પણ તારા પોતાના હોવાનો ડહોળ કરે છે, એટલે ખોટો તણાઈ જતો નહિ કોઈ તારું નથી

**ચેતનાનો સમય**

**- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ**

**સહુ સગા સ્વાર્થના**

સાવ જુઠું જગત કોઇ તારું નથી,
મૂક સઘતી મમત કોઇ તારું નથી

- મિસ્કીન

ગઝલકારો પોતાનું મૂળ નામ પ્રચલિત કરવાને બદલે કોઇક ઉપનામ શોધીને મૂળ નામને બદલે ઉપનામ નો ઉપયોગ કરે છે અમદાવાદના રાજેશ વ્યાસે ઘણી ગઝલો લખી છે અને ગઝલસંગ્રહો પ્રકાશિત કર્યા છે તેમણે તેમનું ઉપનામ મિસ્કીન રાખ્યુ છે. મિસ્કીન રચિત ગઝલ સંગ્રહ એક પુસ્તકરૂપે પ્રકાશિત કરેલ છે. જેનું નામ છે 'કોઇ તારું નથી' આ ગઝલ સંગ્રહમાંથી કેટલીક ગઝલો પસંદ આવી તે આજના લેખમાં પ્રત્યેક ગઝલોમાં રહેલા ચેતનાનો સંદેશો ગાંધીનગર સમાચારના પ્રિય વાચકો સમક્ષ રજૂ કરું છું. રાત્રીના બે વાગ્યાથી ચાર પાંચ વાગ્યા સુધી સ્મશાનવત શાંતિ હોય છે. જગત આખું પોઢી ગયું હોય છે. એ અડધી રાત વીતી ગયા પછીનો શાંતિનો સમય હોય ત્યારે કવિઓ - ગઝલકારો લેખકો વગેરેની કલમ જાગી ઊઠે છે. દિવસભરના કોલાહલમાં કલમ બિચારી મુરઝાઇ જાય છે તો ચાલો ત્યારે રાત્રીની ઘોર શાંતિમાં જાગી ઉઠેલી કલમને તાજી કરીએ. ચપ્પાની ધારદાર કરે કેમ રાત્રીના ઘોર શાંતિમાં બપોરના કોલાહલમાં બુઠ્ઠી થઇ ગયેલી કલમ ધારદાર થઇ જાય છે.

"સાવ જૂઠું જગત કોઇ તારું નથી,
મૂક સઘલી મમત કોઇ તારું નથી."

આ દુનિયામાં સહુ સ્વાર્થના સગાં હોય છે. જો કે પ્રેમ અને લાગણીસભર નિઃસ્વાર્થ સંબંધો પણ કયાંક જોવા મળે છે. કેટલાક આવા નિઃસ્વાર્થ સંબંધોમાં વણાયેલા લોકો દિલદિમાગના એકાદ ખૂણે બેઠેલો આવો સંબંધ ગમે તે સ્વરૂપે ઝળકતો રહે છે. પણ વાત આપણે સ્વાર્થના સગાની કરવાની છે. આ જગતમાં કોઇ કોઇનું નથી છતાં જે કાંઇ ભાસે છે તે માત્ર ઉપરછલ્લું છે. સ્વાર્થ સાધવા માણસ ઉમળકાભેર દોડી આવે છે અને જાણે કે તમારી સાથે લાગણીના તાણાવાણાથી જોડાયેલો હોય તેવો ડહોળ કરે છે. ગઝલકાર કહે છે કે તું બધી મમત છોડી દે. આ જગતમાં જૂઠા નકલી દંભી ઉપરછલ્લા સ્વાર્થના સંબંધો છે તું જેને તારા પોતાના માને છે એ તારા નથી પણ તારા પોતાના હોવાનો ડહોળ કરે છે. એટલે ખોટો તણાઇ જતો નહિ કોઇ તારું નથી.

'કોણ કોનું? અને એય પણ કયાં લગી?
છે બધું મનઘડત કોઇ તારું નથી'

ગઝલકાર કહે છે કે તને જે ઘડીક તારા લાગે છે અને મનમાં તે જેને પોતાના માનેલા એ તારા નથી એટલે એની મથામણમાંથી બહાર નીકળ. કોઇ તારું નથી.

'જે પળે જાણશે સોંસરો સળગશે,
આ બધી છે રમત કોઇ તારું નથી.'

તું જેને પોતાનો માનતો હતો તે તો સ્વાર્થનો સગો નીકળે છે. અને તે જાણ્યા પછી તું આખેઆખો સળગી ઉઠીશ. આ બધી સ્વાર્થની રમતો છે આ રમતોમાં દુનિયા ખોવાયેલી છે જો કે વાસ્તવમાં આ રમતમાં જ જગત આખાનું અસ્તિત્વ ટકી રહ્યું છે. લાલો લાભ વગર લોટે નહિં.

'કોઇ ઉંબર સુધી કોઇ પાદર સુધી,
છેક સુધી સતત કોઇ તારું નથી'

સ્વાર્થનો સંબધ કાયમી નથી, જેવો સ્વાર્થ સધાઇ જાય એટલે આ સંબંધ હવાઇ જવાનો. તને જે તારા પોતાના તારા મનથી લાગે છે. એ તો તેનો સ્વાર્થ સધાઇ તેટલા સમય પૂરતો તારા છે. કોઇ તારા ઘરનાં ઉંબરા સુધી કે ગામના પાદર સુધી, બાકી લાંબો સમય કાયમ સુધી તું જેને તારો ગણે છે એ તારો કદી બનવાનો નથી. એટલે આવા જટપટ તારા પોતાના વહાલા બની જવા તને ભેટી પડે ત્યારે તેના હૃદય મનના ધબકારાને પારખી જજે તેમાં સ્વાર્થના નકલી ધબકાર, વાગતા જણાશે.

મિસ્કીનની બીજી ગઝલોમાંથી આવો જ કાંઇક સંદેશો મળી રહે છે.

'ચાલ બાળકની જેમ બટું ઝટ ભૂલી જઇએ,
આ હોવું, હોવાની ઝંઝટ ભૂલી જઇએ'

આપણે સહુ જિંદગી જીવતાં જીવતાં આ હોવું જોઇએ, તે હોવું જોઇએ, લોકો આવા હોવા જોઇએ, તેવા હોવા જોઇએ, સંબંધો નિઃસ્વાર્થ હોવા જોઇએ. પરંતુ વાસ્તવમાં આ જગતમાં આ હોવું કે તે હોવું એ બધી એક મનની ઝંજટ છે. જગતમાં તમારી જે હોવા નહિં હોવાની લાગણી છે તે દેખાતી નથી. એટલે બાળકની જે ઇચ્છાઓ છે. હોવા ના હોવાની જે તેની ઇચ્છા છે તે ઘડીકમાં ભૂલી જાય છે. તેમ ગઝલકાર કહે છે કે માનવીએ આવી હોવા નહિ હોવાની ઝંઝટમાંથી એક બાળકની જેમ ભુલી જઇને બહાર નીકળવાનું છે તમારી ઇચ્છા પ્રમાણેનું તમારી માન્યતા પ્રમાણેનું, તમારી નીતિમત્તા પ્રમાણેનું તારી અપેક્ષા પ્રમાણેનું આ જગત નથી. આ જગત ને તું જેવું માને છે તેવું નથી.

બીજી એક ગઝલમાં આવી જ કાંક વાત ગઝલકાર કરે છે.

'ફરતી કાંટાળી વાડ કરે,
સગપણ આવાં પણ લાડ કરે.'

કૌટુંબિક સંબંધો, સામાજીક સંબંધોમાં પણ સહુ કોઇ પોતપોતાનો કક્કો લઇને નીકળી પડે છે. સહુ કોઇ પોતપોતાના કક્કાનું રટણ કરતાં રહે છે. તમામ સગાવહાલાં સહુ કોઇ પોતપોતાનો કક્કો લઇને સગપણોની સંબંધોની એક વાડ પોતાના મનમાં બાંધી રાખે છે. સહુ કોઇ પોતપોતાની રાતે પોતપોતાની માન્યતા, અપેક્ષા, વિચારોની એક કાંટાળી વાડ રચીને સંબંધો બાંધતા હોય ત્યારે આ કાંટાળી વાડને ભેદવી મુશ્કેલ છે. એટલે જ ગઝલકાર કહે છે કે કોઇ તારું નથી. બધા પોતપોતાની કાંટાળી વાડમાં રચ્યાપચ્યા રહે છે તેને ભેદીને કોઇ જઇ શકતું નથી. એટલે વાડ પારખીને સંબંધો બાંધજે.

આવો જ કાંઇક સંદેશો બીજી એક ગઝલમાં છે.

'મેં બચાવ્યા જેને કપરાં કાળમાં
તક મળી ત્યારે એ સપડાવી ગયા (ઉડી ગયા)
સૌ કલા પોતાની અજમાવી ગયા.'

આપણે પ્રેમ અને લાગણીની જેમ મુશ્કેલીના સમયમાં મદદરૂપ થયા હતા જેને આપણે દુખનાં દરિયામાં તણાઇ ગયેલા ઉગાર્યા હતા એ જ લોકો તમારો ઉપકાર ભૂલીને પોતપોતાના સ્વાર્થ પૂરો થતાં પલાયન થઇ જાય છે. તક મળે એટલે એ બધાં તમને પણ કયાંક સપડાવી દે છે અને સહુ પોતપોતાના સ્વાર્થની કળા અજમાવીને પલાયન થઇ જાય છે.

અર્થાત્ કોઇ તારું નથી. તારા હોવાનું રટણ મનમાંથી કાઢી નાંખ.

બીજી એક ગઝલમાં આવો જ કાંઇક સંદેશો છે.

'બહાર ભિતરનો અગર લય થઇ શકે,
તો અકથ સાથે પરિચય થઇ શકે.'

માણસ બહારથી અને અંદરતી જુદો હોય છે. બહાર જેવો તમને દેખાતો હોય એવો વાસ્તવમાં હોતો નથી. પણ માનવી જેવો બહારથી દેખાય છે તેવો જ અંદર હોય અર્થાત બહાર અને અંદરનો લય થઇ જાય તો માનવીની અસલિયત માલુમ પડે છે. તો જ અસલી માનવીની ઓળખ થઇ શકે છે. એટલે તું કોઇના બહારી દેખાવથી અંઝાઇ જઇને તને તે તારો લાગે તો એ મનમાંથી વહેમ કાઢી નાખજે કારણ કે બહાર દેખાય છ `તેઓ અંદર નથી. કોઇ તારું નથી. હા તારું હોઇ શકે પણ જયારે તે જેવો બહાર છે તેવો જ અંદર દેખાય.

વળી એક ગઝલમાં ગઝલકાર કહે છે કે -

'આંખ કોરી રાખવાની સારવાના આંસુઓ'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આખરે સગાં જ કામમાં આવે છે, માટે હવે પૈસાનો મોહ ઓછો કરી ધર્મ કે સેવામાં ધ્યાન આપ અને જીવન સાર્થક કર

**માનવતાંની મહેક**

**લઘુકથા**

**- નિરંજન ઓઝા**

ભાવનગર શહેરથી નજીક ઝાઝમેર ગામનાં પથુકાકા ૬૫ વર્ષની ઉંમરે પણ ખેતી કામ સંભાળે છે. તેમના સહ-ધર્મચારીણી આજથી દસ વર્ષ રહેલાં અવશાન પામ્યા છે, તેથી ઢોર-ઢાંખરની સંભાળ ઘરની અન્ય વ્યક્તિઓ સંભાળે છે. તેમને બે સંતાન છે. મોટો દીકરો જયંતીલાલ જેનું સાસરું ગામમાં છે, ભણવામાં સાધારણ તેથી ડચકાં ખાતાં ખાતાં ૧૦માં ધોરણ સુધી પહોંચયો હતો, જયારે દીકરી નામે 'મીરાં' પણ ભણવામાં સાધારણ તેનો અભ્યાસ સાત ધોરણ સુધી. પથુકાકાના જમાઇરાજ ભાવનગરના વડવા ગામ પાસે આવેલ કારખાનામાં સેવા કરી રહ્યા છે. તેમનો એક દીકરો નામે દીપુ ભણવામાં ખૂબ જ હોંશિયાર. દીપુ સાતમાં ધોરણમાં હતો ત્યારે તેના પપ્પાનો કારખાનામાં અકસ્માત થતાં અવસાન થયું હતું. અકસ્માત ને લીધે, નિયમો મુજબ જે રકમ મળી હતી તેને લીદે દીપુ ૧૨માં ધોરણ સુધી પહોંચી શક્યો હતો, પરિણામ પણ ઘણું સારું આવતાં, દીપુની ઇચ્છા એન્જીનીયર થવાની છે તેથી તેની મમ્મીને આગળ ભણવા માટેના વિચારો જણાવે છે તેની મમ્મી 'મીરા' પહેલાં ફી, અભ્યાસક્રમ વિગેરે માહિતી મેળવી લેવાનું કહે છે તે મુજબ એન્જીનીયર થવા માટે ત્રણ વર્ષ લાગે તેમજ ખર્ચ આશરે ૨ાા થી ૩ લાખ આવે તેવું જાણવા મળે છે. મીરા શાંતિથી સમજાવે છે કે બેટા દીપુ, આપણી પાસે આટલાં પૈસા નથી કે જેથી તું આગળ ભણી શકે. દીપુ જણાવે છે કે મામા નાણાનો ધીર-ધારનો ધંધો કરે છે તેથી અભ્યાસ માટે લોન લઇશ અને અભ્યાસ પુરો થતાં, વ્યાજ સાથે રકમ પરત કરીશ.

દીપુના આ વિચાર જાણી, મીરા પોતાના ભાઇ જયંતીલાલનો સ્વભાવ જાણે છે તેથી ત્યાં જવાની, કાંઇ વળશે નહીં તેવું જણાવે છે પરંતુ દીપુના અતિ આગ્રહને લીધે જાય છે. દીપુ મામાને બધી જાણકારી આપે છે અને અભ્યાસ પૂરો થતાં, વ્યાજ સાથે રકમ પરત કરવાનું જણાવે છે પરંતુ મામા જયંતીલાલ દીપુને સહકાર આપતા નથી. આ જાણ્યા પછી 'મીરાં' પોતાનાભાઇ જયંતીલાલને જણાવે છે કે બાપાના અવશાન પછી તેના ઘર, મિલકતમાં મારો પણ ભાગ હોઇ છે પરંતુ મેં તે જતો કર્યો છે તેની પણ તને શરમ નથી આવતી અને મારા દીકરાનું ભવિષ્ય બગાડે છે. તું ખેતી ના કામ સાથે ધીર-ધારનો ધંધો શરૂ કર્યો તેથી તું બે પૈસે થયો છે. તો તારા ભાણિયાનું આટલું પણ ધ્યાન રાખતો નથી તો હવે હું મરીશ ત્યાં સુધી તારો ઉંબરો ચઢીશ નહીં. આમ મીરાં તથા દીપુ નિરાશા સાથે પાછા ફરે છે. આ દરમિયાન દીપુના પપ્પાના એક મિત્ર કે જેને વરતેજમાં નાનું એવું કારખાનું છે તે દીપુની મદદે આવે છે અને દીપુને નોકરી રાખે છે. દીપુ નોકરીની સાથે આગળ અભ્યાસ ચાલુ રાખે છે.

જમાઇરાજ તથા પોતાના બાઇ પથુકાકાના અવસાનના સમાચાર જાણી, કલકત્તામાં રહેતા મીરાના ફોઇબા, લૌકિક ક્રિયા માટે ભાવનગર આવે છે. પ્રથમ મીરાંને ત્યાં આવી ત્યાંથી પોતાન ભાણિયા જયંતીલાલને ત્યાં જવાના છે. મીરાંને ત્યાં રાતવાસો કરતાં, મીરાંને પુછે છે કે તારો દીપુ તો ભણવામાં હોંશિયાર હતો તો નોકરીએ શીદને લગાડી દીધો? પ્રત્યુત્તરમાં મીરાં, પોતાના ભાઇ જયંતીલાલ દ્વારા અપમાનીત કર્યાની જાણ કરે છે જે જાણી ફોઇબા આશ્વાસન આપે છે કે જયંતિલાલને ત્યાં જઇશ ત્યારે જરૂરથી ઠપકો આપીશ.

બીજે દિવસે જયંતીલાલને ત્યાં ફોઇબા પ્રયાણ કરે છે. ત્યાં પોતાની તળપદી ભાષામાં દીપુના કરેલ અપમાન બદલ ઠપકો આપે છે અને તું મારો છે તેથી તેની કાળજી લેવી જોઇએ. તેવી સલાહ આપે છે પરંતુ જયંતીલાલ એક કાનેથી સાંભળી, બીજા કાને કાઢી નાંખે છે. ત્યારબાદ ફોઇબા કલકત્તા પાછા ફરે છે.

ચારેક વર્ષ પછી ફોઇબા ફરીથી મીરાંને ત્યાં આવે છે અને આવતાંની સાથે જ શાબાશ મારી ભાણી જેવા શબ્દોથી અભિનંદન અને આશીર્વાદ આપે છે. શું બન્યું અને કેવી રીતે બન્યું તેની સ્પષ્ટતા કરતાં, મીરાં જણાવે છે કે ફઇબા, ભાઇની તબિયત એકાએક બગડે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)